| Publication | Edition | Date | Page Number | Subject |
|---|---|---|---|---|
| **Midday Gujarati** | Mumbai | **20/12/20** | **5** | **Music Video Launch of “ Sajan Tara Sambharna”** |

# નરેશ કનોડિયાના ગીતને રીક્રીએટ કર્યું હિતુ કનોડિયાએ

**મુંબઈ :** (મિડ-ડે પ્રતિનિધિ) નરેશ કનોડિયાના ફેમસ સૉન્ગ ‘સાજન તારાં સંભારણાં’ને તેમના દીકરા હિતુ કનોડિયા દ્વારા નવી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. નરેશ કનોડિયાનું મૃત્યુ હાલમાં જ થયું હોવાથી આ ગીત દ્વારા તે તેના પિતાને ટ્રિબ્યુટ આપી રહ્યો છે. 1985ના આ ગીતને હિતુ કનોડિયા અને અભિનેત્રી મમતા સોની દ્વારા નવા અવતારમાં રજૂ કરવામાં આવ્યું છે. આ ગીતને અલ્ટ્રા મીડિયા ગુજરાતી પર શનિવારે એટલે કે 19 ડિસેમ્બરે રિલીઝ કરવામાં આવશે. આ ગીતને હરેશભાઈ પટેલે પ્રોડ્યુસ અને ડિરેક્ટ કર્યું છે. મૌલિક મહેતા દ્વારા કમ્પોઝ કરવામાં આવેલા આ ગીતને હિમાંશુ બારોટ અને નયના શર્માએ ગાયું છે. તેમ જ ગુજરાતી રૅપર અરવિંદ વેગડા પણ એમાં જોવા મળશે. આ ગીત દ્વારા તેઓ સ્વર્ગીય નરેશ કનોડિયાની 1985માં આવેલી ફિલ્મ ‘સાજન તારાં સંભારણાં’ના ટાઇટલ સૉન્ગના જાદુને ફરી રેલાવશે. તેમણે ગીતનાં સ્ટેપ નથી બદલ્યાં. ઓરિજિનલ ગીતમાં જે સ્ટેપ હતાં એ જ રાખવામાં આવ્યાં છે. આ વિશે હિતુ કનોડિયાએ કહ્યું હતું કે ‘ઓરિજિનલ સૉન્ગનો જાદુ અજોડ છે અને એની તુલના કરવી શક્ય નથી, કારણ કે મારા પિતાએ તેમની વિશિષ્ટ શૈલીથી એને ખૂબ જ સુંદર બનાવ્યું હતું. મને વિશ્વાસ છે કે ઓરિજિનલ સૉન્ગની જેમ જ આ નવું સૉન્ગ પણ હિટ રહેશે, કારણ કે જૂનાં ગીતો આપણી સંસ્કૃતિનાં રત્ન છે અને એને નવી પેઢી સુધી પહોંચાડવાં જરૂરી છે.’





# Naresh Kanodia's son to reprise father's popular Gujarati song

**EXPRESS NEWS SERVICE**
AHMEDABAD, DEC 17

NEARLY TWO months since actor-turned-politician Naresh Kanodia passed away in Ahmedabad due to Covid-19-related complications, his son Hitu Kanodia, who is also an MLA from Idar constituency, will be seen recreating the title song of the senior Kanodia's 1985 Gujarati romantic film Sajan Tara Sambharna, in a video planned for release on YouTube on December 19.

The reprised video will feature Hitu along with actor Mamta Soni and will see the title track sung by singers Himanshu Barot and Nayana Sarma, The film in 1985 starred Naresh with Snehalata Gadkari and Arvind Rathod in lead roles and the music of the original song composed by Naresh himself.

On stepping into his late father's shoes for the tribute video, Hitu says, "I am confident that this song will also be a chartbuster hit."